દાખલ તારીખ :–૦૬/૦૩/૨૦૦૩
ફેંસલ તારીખ :–૦૬/૦૪/૨૦૨૪
સમયગાળો :– વર્ષ મહિના દિવસ
૨૧ ૦૧ ૦૦

**અમદાવાદના અધિક મુખ્ય મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રીની અદાલત સમક્ષ,**
**કોર્ટ નં.૨૦, અમદાવાદ.**

---

**ક્રિમીનલ કેસ નંબરઃ–૪૦૭/૨૦૦૩**
**(ચુકાદાની તારીખઃ– ૦૬/૦૪/૨૦૨૪)**

| | | |
|---|---|---|
| | | એફ.આઈ.આર.ની વિગતો /ગુનો અને પોલીસ સ્ટેશન |
| પોલીસ સ્ટેશન | :– | ઓઢવ પોલીસ સ્ટેશન, ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૩૯/ ૨૦૦૩ |
| ગુનો | :– | ભારતીય દંડ સંહિતા,૧૮૬૦ ની કલમ– ૨૭૯,૩૦૪(અ) તથા એમ.વી.એકટ કલમ–૧૭૭,૧૮૪,૧૩૪(બી) મુજબ |

**FORM-A**

| | |
|---|---|
| તહોમતનામા મુજબ તહોમત :– | ભારતીય દંડ સંહિતા,૧૮૬૦ ની કલમ–૨૭૯,૩૦૪(અ) તથા એમ.વી.એકટ કલમ–૧૭૭,૧૮૪,૧૩૪(બી) મુજબ |
| ફરિયાદી :– | શ્રી સરકાર (સ્ટેટ ઓફ ગુજરાત)<br>(મુળ ફરિયાદી–અજયસિંહ જાલમસિંહ જાડેજા) |
| વિ.એ.પી.પી.શ્રી :– | શ્રી ડી.સી.ગોસ્વામી |
| આરોપી :– | સંદીપ બાબુભાઈ પટેલ, ઉ.વ.૨૬<br>રહેઃ બી/૧૦,મયુરપાર્ક,મહાવીરનગર,હીરાવાડી, સૈજપુર,અમદાવાદ |
| આરોપી તરફે વિ.વકીલશ્રી :– | શ્રી એ.જે.વૈષ્ણવ |

**FORM-B**

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ :– | તા. ૦૬/૦૨/૨૦૦૩ |
| ફરિયાદની તારીખ :– | તા. ૦૬/૦૨/૨૦૦૩ |
| ચાર્જશીટની તારીખ :– | તા. ૦૬/૦૩/૨૦૦૩ |
| તહોમત ફરમાવ્યાની તારીખ :– | તા. ૦૫/૦૫/૨૦૨૩ |
| પુરાવો શરૂ કર્યાની તારીખ :– | તા. ૦૯/૦૧/૨૦૨૪ |
| કેસ જજમેન્ટ ઉપર આવ્યાની તારીખ :– | તા. ૨૨/૦૩/૨૦૨૪ |
| સજાના હુકમની તારીખ જો હોય તો, | નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવેલ છે. |

## આરોપીની વિગતો :–

| આરોપી નંબર | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુકત કરવામાં આવેલ હોય તો તેની વિગત | કયા ગુનાનો આક્ષેપ છે ? | નિર્દોષ છોડવામાં આવ્યા કે કસુરવાર ? | શું સજા કરી? | ક્રિ.પ્રો.કોડની કલમ–૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમ્યાન કેટલો સમય કાચા કામના કેદી તરીકે રહેલા છે. |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | સંદીપ બાબુભાઈ પટેલ | ૧૧/૦૨/૨૦૦૩ | જામીન મુકત | ભારતીય દંડ સંહિતા,૧૮૬૦ ની કલમ–૨૭૯, ૩૦૪(અ) તથા એમ.વી.એકટ કલમ–૧૭૭, ૧૮૪,૧૩૪ (બી) મુજબ | નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવેલ છે. | ..... | ....... |

**FORM-C**

## <u>ફરિયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટના સાહેદોનું લીસ્ટ</u>

### (એ) <u>ફરિયાદપક્ષનો મૌખિક પુરાવો</u>

**–: <u>મૌખિક પુરાવો</u> :–**

| સા.નં. | સાહેદનું નામ | વિગત | આંક |
|---|---|---|---|
| ૧. | અજયસિંહ જાલમસિંહ જાડેજા | ફરિયાદી | ૦૬ |
| ૨. | અજીતસિંહ હિંમતસિંહ | સાહેદ | ૦૮ |

### (બી) બચાવપક્ષે સાહેદો જો હોય તો,

| સા.નં. | સાહેદનું નામ | કયા પ્રકારનો સાહેદ/પુરાવો |
|---|---|---|
| – | – | – |

### (સી) કોર્ટ સાહેદ જો હોય તો,

| સા.નં. | સાહેદનું નામ | કયા પ્રકારનો સાહેદ/પુરાવો |
|---|---|---|
| – | – | – |

## ફરિયાદપક્ષ તરફે આંકે પાડેલા દસ્તાવેજી પુરાવાઃ—

| અ.નં. | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફરિયાદ | ૦૭ |
| ૨. | ઈન્કવેસ્ટ પંચનામું | ૦૯ |
| ૩. | ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૧૦ |
| ૪. | એકસીડન્ટ રીપોર્ટ ફોર્મ | ૧૧ |
| ૫. | શબ પરીક્ષણ યાદી | ૧૨ |

## બચાવપક્ષ તરફે આંકે પાડેલા દસ્તાવેજો

| અ.નં. | દસ્તાવેજનું નામ | દસ્તાવેજનું વર્ણન |
|---|---|---|
| — | — | — |

## કોર્ટ તરફે આંકે પાડેલા દસ્તાવેજો

| અ.નં. | દસ્તાવેજનું નામ | દસ્તાવેજનું વર્ણન |
|---|---|---|
| — | — | — |

## મુદ્દામાલની વિગત

આ કામે મુદ્દામાલ કબ્જે કરવામાં આવેલ નથી.

## —: ચુકાદો :—

(૧.૦૦) ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવા પ્રકારની છે કે, આ કામના આરોપીએ તા.૦૬/૦૨/૨૦૦૩ ના કલાક ૧૧:૩૦ ના સુમારે નરોડા—નારોલ હાઈવે, લીલાનગર પાસે મનહરનગર, વિ—૨ ની સામે જાહેર રોડ ઉપર પોતાના કબ્જાનું હીરો હોન્ડા કંપનીનું મોટર સાયકલ નં.જીજે.૧.સીકયુ. ૮૩૯૭ ને પૂરઝડપે અને ગફલતભરી રીતે માણસોની જિંદગી જોખમાય તે પ્રમાણે ચલાવી લાવી ફરિયાદી ફરિયાદી તથા તેના નાના નામે—હેમુભાઈ ઉર્ફે હિંમતસિંહ ભગવાનજી ચાવડા, ઉ.વ.૬૦ નાઓ રોડ ક્રોસ કરતા હતા, દરમ્યાન ફરિયાદીના નાના ને ટકકર મારી રોડ ઉપર મારી દઈ શરીરે ગંભીર પ્રકારની ઈજાઓ કરી મોત નિપજાવી ગુનો કર્યા અંગેની ફરિયાદ ફરિયાદીએ ઓઢવ પોલીસ સ્ટેશનમાં નોંધાવતા તેના આધારે ત.ક.અમલદારે ફ.ગુ.ર.નં.૩૯/૨૦૦૩ થી ફરિયાદ નોંધી તપાસના અંતે આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો જણાઈ આવતાથી ભારતીય દંડ સંહિતા,૧૮૬૦ ની કલમ— ૨૭૯,૩૦૪(અ) તથા એમ. વી.એકટ કલમ—૧૭૭,૧૮૪,૧૩૪(બી) મુજબનો ગુન્હો નોંધવામાં આવેલ હતો.

(૨.૦૦) આ કામે તપાસ કરનાર અમલદારે ગુન્હાની તપાસ હાથ ધરેલી અને ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ ("સંહિતા") ની કલમ–૧૬૧ અન્વયે સંબંધિત બનાવવાળી જગ્યાનું પંચનામું કરી, ઈન્કવેસ્ટ પંચનામું, એકસીડન્ટ ફોર્મ રીપોર્ટ, શબ પરીક્ષણની યાદી, ફરિયાદીનું ઈજા અંગેનું સારવાર સર્ટીફીકેટ અને તપાસનાં અંતે આરોપીઓની સંડોવણી ખુલતા તથા હાલનાં આરોપી વિરૂધ્ધ ગુન્હો બનતો હોય, સંહિતાની કલમ–૧૭૩(૨) મુજબનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ કરેલ હતું.

(૩.૦૦) આ કામમાં તપાસ કરનાર અમલદારે અદાલતમાં ચાર્જશીટ રજૂ કરતા, સંહિતા ની કલમ–૧૯૦(૧)(બી) પ્રમાણે ગુન્હાનું કોગ્નીઝન્સ લઈ આરોપીની સામે સંહિતાની કલમ–૨૦૪ અન્વયે સમન્સ કાઢવામાં આવેલ હતો. આરોપીને સમન્સ બજી જતાં, તેઓ અદાલત સમક્ષ હાજર રહેલ અને સંહિતાની કલમ–૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલો વિના મૂલ્યે આપવામાં આવેલ હતી. ત્યારબાદ આ અદાલત ધ્વારા આરોપીની આંક–૦૩ થી પ્લી નોંધવામાં આવેલ અને આરોપીએ ગુન્હો કબુલ હોવાનો ઈન્કાર કરતાં, તેઓની સામે ઈન્સાફી કાર્યવાહી ખુલ્લી અદાલતમાં આગળ ચલાવવામાં આવેલ હતી. ત્યારબાદ ફરિયાદપક્ષનો પુરાવો શરૂ થાય તે પહેલા પક્ષકારો વચ્ચે ઘરમેળે સમાધાન થઈ જતાં આંક–૦૪ થી સમાધાન પુરસીસ રજૂ રાખેલ છે. જે પુરસીસ રેકર્ડ કરવામાં આવી ત્યારબાદ ફરિયાદપક્ષ તરફે પુરાવો નોંધવામાં આવેલ છે.

(૪.૦૦) ફરિયાદ પક્ષ તરફે ઉપરોકત મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા સિવાય અન્ય કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ નથી અને વિ.એપીપીશ્રીની મૌખિક વિનંતીથી તથા મુળ ફરિયાદીની આંક–૧૩ ની પુરાવો પુરો થયાની પુરસીસ થી ફરિયાદ પક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે.

(૫.૦૦) ત્યારપછી આરોપીઓની વિરુધ્ધની પુરાવાની કોઈ હકીકતો રેકર્ડ ઉપર આવેલ ન હોય, સંહિતાની કલમ–૩૧૩ મુજબ આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

(૬.૦૦) ત્યારબાદ બંને પક્ષકારોની દલીલો સાંભળવામાં આવી.

(૭.૦૦) આ કેસની હકીકત ધ્યાને લેતાં આ કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે :

(૧) શું ફરિયાદ પક્ષ વ્યાજબી શંકાથી પર એ હકીકત પુરવાર કરી શકે છે કે આ કામના આરોપીએ તા.૦૬/૦૨/૨૦૦૩ ના કલાક ૧૧:૩૦ ના સુમારે નરોડા–નારોલ હાઈવે, લીલાનગર પાસે મનહરનગર, વિ–૨ ની સામે જાહેર રોડ ઉપર પોતાના કબ્જાનું હીરો હોન્ડા કંપનીનું મોટર સાયકલ નં.જીજે.૧.સી કયુ. ૮૩૯૭ ને પૂરઝડપે અને ગફલતભરી રીતે માણસોની જિંદગી જોખમાય

તે પ્રમાણે ચલાવી લાવી ફરિયાદી ફરિયાદી તથા તેના નાના નામે–હેમુભાઈ ઉર્ફે હિંમતસિંહ ભગવાનજી ચાવડા, ઉ.વ.૬૦ નાઓ રોડ ક્રોસ કરતા હતા, દરમ્યાન ફરિયાદીના નાના ને ટકકર મારી રોડ ઉપર મારી દઈ શરીરે ગંભીર પ્રકારની ઈજાઓ કરી મોત નિપજાવી ભારતીય દંડ સંહિતા,૧૮૬૦ ની કલમ–૨૭૯,૩૦૪(અ) તથા એમ.વી.એકટ કલમ–૧૭૭,૧૮૪,૧૩૪(બી) મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

(૨) શું હુકમ?

(૭.૦૧) ઉપરોકત મુદ્દાઓ અંગેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

(૮.૦૦) ઉપરોકત નિર્ણય માટેના મારા કારણો નીચે મુજબ છે :

**કારણો**

**મુદ્દાનં. ૧:–**

**(૮.૧)** આ કામે આરોપી સામેનો આક્ષેપિત ગુનો પુરવાર કરવા સારૂ ફરિયાદ પક્ષે આંક–૦૬થી ફરિયાદી અજયસિંહ જાલમસિંહ જાડેજાને તપાસેલ છે, તેઓ તેમના પુરાવામાં જણાવે છે કે,બનાવ ૨૦૦૩ ના વર્ષમાં બનેલો. તે વખતે તેમના નાના હિંમતસિંહ ચાવડાનો અકસ્માત થયેલ અને તેમાં ઈજા થતાં તેમના નાના નું અવસાન થયેલ. અકસ્માતમાં વાહનની ઝડપ તથા તેના ચાલક વિશે તેઓ કંઈ જાણતા નથી. બનાવ કેવી રીતે બનેલ તે કહી શકે નહી. વધુમાં જણાવે છે કે, બનાવ અંગેની તેઓ એ પોલીસ ફરિયાદ આપેલી. જે ફરિયાદ બતાવતા તેમાં પોતાની સહી ઓળખી બતાવી આંક–૦૭ થી રજુ રાખેલ છે. આમ, ફરિયાદી પોતાની ફરિયાદ હકીકતને સમર્થન કરતા ન હોવાથી વિ.એ.પી.પી. શ્રીએ તેમને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરેલા છે અને તેમની ઉલટ તપાસ કરવામાં આવેલ છે તેમ છતાં તેઓએ ફરિયાદપક્ષના કેસની હકીકતને સમર્થન કરતો પુરાવો આપેલો નથી. ત્યારબાદ બચાવપક્ષ તરફે કરવામા આવેલ ઉલટતપાસમાં એ હકીકત સ્વીકારે છે કે,આરોપી સાથે તેઓને સમાધાન થયેલ છે. એ હકીકત સ્વીકારે છે કે, બનાવ વખતે વાહનની ઝડપ તથા તેના ચાલક વિશે કહી શકે નહી.

**(૮.૨)** ફરિયાદપક્ષે સાહેદ અજીતસિંહ હિંમતસિંહ નાઓને આંક–૦૮ થી સોગંદ ઉપર તપાસવામાં આવતા તેઓએ પુરાવો આપેલ છે કે, તેઓ તેમના પુરાવામાં જણાવે છે કે, બનાવ ૨૦૦૩ ના

વર્ષમાં બનેલો. તે વખતે તેમના પિતા હિંમતસિંહ ચાવડાનો અકસ્માત થયેલ અને તેમાં ઈજા થતાં તેમના પિતાનું અવસાન થયેલ. અકસ્માતમાં વાહનની ઝડપ તથા તેના ચાલક વિશે તેઓ કંઈ જાણતા નથી. બનાવ કેવી રીતે બનેલ તે કહી શકે નહી. આમ, સાહેદ ફરિયાદપક્ષને સમર્થન કરતા ન હોવાથી વિ.એ.પી.પી. શ્રીએ તેમને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરેલા છે અને તેમની ઉલટ તપાસ કરવામાં આવેલ છે તેમ છતાં તેઓએ ફરિયાદપક્ષના કેસની હકીકતને સમર્થન કરતો પુરાવો આપેલો નથી. ત્યારબાદ બચાવપક્ષ તરફે કરવામા આવેલ ઉલટતપાસમાં એ હકીકત સ્વીકારે છે કે, આરોપી સાથે તેઓને સમાધાન થયેલ છે. એ હકીકત સ્વીકારે છે કે, બનાવ વખતે વાહનની ઝડપ તથા તેના ચાલક વિશે કહી શકે નહી.

**(૯)** હાલના કામે તપાસવામાં આવેલ સાહેદની જુબાની સિવાય અન્ય કોઈ પુરાવો વિશેષ મહત્વનો રહેતો નથી. આ ઉપરાંત **૧૯૯૬(૩) ક્રાઈમ્સ પાન નં.૮૫ ઉપર ના. સર્વોચ્ચ અદાલતે સતીષ મહેરા વિરૂઘ્ઘ દિલ્હી એડમીનીસ્ટ્રેશન અને બીજાઓના ચૂકાદામાં** સ્પષ્ટપણે ઠરાવેલ છે કે, કોઈપણ ટ્રાયલના પુરાવા દરમ્યાન કોઈપણ તબકકે જયારે અદાલત એવો અભિપ્રાય આપતી હોય કે, આ કામમાં હવે પછી વધુ સાહેદ તપાસવા તે માત્ર ઔપચારિકતા સમાન છે અને આથી વધુ સાહેદો કે તપાસ કરનાર અમલદારને તપાસવાથી કોઈ વિશેષ પુરાવો આપવા સંભવ નથી તો તેવા સંજોગોમાં પુરાવો લેવાનું બંધ રાખી અદાલતનો કિંમતી સમય દુર્વ્યય થતો અટકાવવો જોઈએ. આમ, સર્વોચ્ચ અદાલતના ચૂકાદામાં પ્રસ્થાપિત કરેલ સિઘ્ધાંત ઘ્યાને લેતા તેનું મુખ્ય હાર્દ એવું જણાય છે કે, ચાર્જશીટમાં જણાવેલ તમામે તમામ સાહેદો અનિવાર્ય ન હોય તો તેઓને તપાસવા જરૂરી નથી. એટલું જ નહી, પરંતુ મહત્વના અને ચાવીરૂપ સાહેદો તપાસાઈ ગયા હોય અને તેઓની જુબાની ઘ્યાને લેતાં અદાલતને લાગે કે, વિશેષ સાહેદો તપાસવા તે ઔપચારિકતા જ છે. અને તે હકીકતે જે ઉપર મુજબ ચર્ચા કરી છે તે જોતાં સદર કામે વિશેષ પુરાવો લેવો યોગ્ય જણાયેલ નથી.

**(૧૦)** પોતાનો કેસ સબળ અને વિશ્વસનીય પુરાવાઓથી નિ:શંકપણે પુરવાર કરવાની જવાબદારી ફરિયાદપક્ષની છે જયારે ફરિયાદપક્ષના કેસમાં ગંભીર શંકા ઉપસ્થિત થાય ત્યારે તેનો લાભ આરોપીને મળવા પાત્ર છે, કારણ કે, ફોજદારી પ્રક્રિયાનો આરંભ આરોપી નિર્દોષ છે તેવા અનુમાન સાથે કરવામાં આવે છે. સદર કામે ફરિયાદપક્ષ તરફે રજૂ પુરાવો ઘ્યાને લેતાં સદર કામના ફરિયાદી તથા સાહેદ પોતાના સોગંદ પરના પુરાવામાં અકસ્માતમાં હિંમતસિંહ ચાવડાનો અકસ્માત થયેલ અને તેમાં ઈજા થતાં તેમનું અવસાન થયેલાનું જણાવે છે. પરંતુ બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં બનાવ વખતે વાહનની ઝડપ તથા તેના ચાલક વિશે તેઓને કંઈ ખબર ન હોવાની હકીકત સ્વીકારે છે.

આમ, ફરિયાદપક્ષએ હકીકત નિઃશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ છે કે, આ કામના આરોપીએ તા.૦૬/૦૨/૨૦૦૩ ના કલાક ૧૧:૩૦ ના સુમારે નરોડા–નારોલ હાઈવે, લીલાનગર પાસે મનહરનગર, વિ–૨ ની સામે જાહેર રોડ ઉપર પોતાના કબ્જાનું હીરો હોન્ડા કંપનીનું મોટર સાયકલ નં.જીજે.૧.સીકયુ. ૮૩૯૭ ને પૂરઝડપે અને ગફલતભરી રીતે માણસોની જિંદગી જોખમાય તે પ્રમાણે ચલાવી લાવી ફરિયાદી ફરિયાદી તથા તેના નાના નામે–હેમુભાઈ ઉર્ફે હિંમતસિંહ ભગવાનજી ચાવડા, ઉ.વ.૬૦ નાઓ રોડ ક્રોસ કરતા હતા, દરમ્યાન ફરિયાદીના નાના ને ટકકર મારી રોડ ઉપર મારી દઈ શરીરે ગંભીર પ્રકારની ઈજાઓ કરી મોત નિપજાવી ઈ.પી. કો.કલમ–૨૭૯,૩૦૪(અ) તથા એમ. વી.એકટ કલમ–૧૭૭, ૧૮૪,૧૩૪(બી) મુજબનો સજાને પાત્ર ગુનો કરેલ છે. જે સંજોગો માં આ કામના આરોપીઓ એ આક્ષેપો મુજબનો ગુનો આચરેલ હોય એવો કોઈ પુરાવો રેકર્ડ પર આવેલ નથી. જેથી આ કામના આરોપીએ આક્ષેપિત ગુનાનું તહોમત પુરવાર કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ ગયેલ હોય મુદ્દા નં. ૧નો જવાબ નકારમાં ઠરાવી મુદ્દા નં. ૨ પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## **::આખરી હુકમ ::**

આ કામના આરોપી સંદીપ બાબુભાઈ પટેલ, ઉ.વ.૨૬,રહેઃ બી/૧૦,મયુરપાર્ક, મહાવીરનગર, હીરાવાડી, સૈજપુર,અમદાવાદ નાઓને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૫(૧)અન્વયે ઈ.પી.કો. કલમ–૨૭૯,૩૦૪(અ) તથા એમ.વી.એકટ કલમ–૧૭૭,૧૮૪,૧૩૪(બી) મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાં નિર્દોષ ઠરાવી છોડી મુકવા હુકમ ફરમાવું છું.

આરોપીએ ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૭(એ) મુજબ સંભવિત અપીલ થવાના કિસ્સામાં હાજર રહેવા સારૂ રૂા. ૫૦૦૦/– ના સધ્ધર જામીન તથા જાતમુચરકા રજૂ કરવા.

આ હુકમ આજ તારીખ–૦૬ જી માહે–એપ્રિલ, સને–૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

અમદાવાદ.
તા.૦૬/૦૪/૨૦૨૪

(દિલીપકુમાર વિષ્ણુપ્રસાદ પટેલ)
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૨૦,અમદાવાદ.
(કોડ નં.જીજે ૦૦૯૨૫)

**<u>કોર્ટના કર્મચારીશ્રીઓએ કરવાના કાર્યો અંગે હુકમ.</u>**

**(૧)** અત્રેની અદાલતમાં અપલોડની કામગીરી સંભાળતાં કર્મચારીશ્રીએ સદર હુકમ અદાલતમાં જાહેર થયા મુજબ યોગ્ય રીતે ચેક વેરીફાઈ કર્યા બાદ અપલોડની કાર્યવાહી તાત્કાલીક કરવી.

**(૨)** બોર્ડ કલાર્કશ્રીએ સદર કેસ/અરજી ચેક વેરીફાઈ કરવી.

**(૩)** રજીસ્ટ્રીએ નિયમોનુસાર હુકમ મુજબ આગળની કાર્યવાહી કરી સદર કેસ રેકર્ડ રૂમમાં મોકલવી આપવો.

તારીખઃ–૦૬/૦૪/૨૦૨૪
અમદાવાદ

(દિલીપકુમાર વિષ્ણુપ્રસાદ પટેલ)
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૨૦,અમદાવાદ.
(કોડ નં.જીજે ૦૦૯૨૫)

| ક્રમ | વિગત | કર્મચારીની સહી |
|---|---|---|
| ૧ | ચુકાદો અદાલતમાં જાહેર થયા મુજબ ચેક વેરીફાઈ કર્યા બાદ અપલોડની કાર્યવાહી કરેલ છે. | |
| ૨ | ચુકાદો આખો ચેક વેરીફાઈ કરેલ છે. | |
| ૩ | હુકમ મુજબ આગળની કાર્યવાહી કરેલ છે. | |